રજૂ કર્યા તારીખ : ૦૬/૧૨/૨૦૧૭

દાખલ તારીખ : ૦૬/૧૨/૨૦૧૭

ફેંસલ કર્યા તારીખ : ૨૨/૦૪/૨૦૨૫

સમય : વર્ષ, માસ, દિવસ.

મહે. ૧૬ માં એડીશ્નલ ચીફ જયુડીશિયલ મેજીસ્ટ્રેટ સાહેબ (અમદાવાદ શહેર) ની કોર્ટ મધ્યે,

કોર્ટ નં – ૨૧, અમદાવાદ.

ફોજદારી કેસ નં. : ૭૭૫૧૧/૨૦૧૭

આંક – ૩૩

<u>ફરીયાદી :–</u>

શ્રી સ ર કા ર

વિરૂધ્ધ.

<u>તહોમતદારો :–</u>

(૧) નરેન્દ્ર ઉર્ફે ઢોલીયો રામઅવતાર તીવારી, ઉ. વ. – ૪૦,

રહે. ભીમરાવના છાપરા, પંચમુખી હનુમાનજીના મંદિરના છાપરા, ગાંધીનગર સોસાયટી પાસે, મેઘાણીનગર, અમદાવાદ.

(૨) સંદીપ ઉર્ફે સોનું સ/ઓ રામપ્રકાશ મહેશ(પંજાબી), ઉ. વ. – ૪૧,

રહે. મ. નં. – ૬૬, પર્ણકુંજ સોસાયટી વી. – ૧, મેઘાણીનગર, અમદાવાદ.

ગુન્હો : ધી પ્રોહીબીશન એકટ કલમ – ૬૬(બી), ૬૫(ઈ), ૮૧ મુજબ.

---

ફરીયાદ તરફે વિ. એ. પી. પી. એચ. બી. દેસાઈ
તહોમતદારો તરફે વિ. વ. શ્રી આર. એસ. ભાલકીયા.

---

## -:: ચુકાદો ::-

(૧) આ કામે ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકતો એવી રહેલ છે કે, આ કામના તહોમતદાર નં - ૧ વાળા ગઈ તા. ૦૪/૧૧/૨૦૧૬ ના કલાક - ૧૯.૪૫ વાગે મેઘાણીનગર, ઓમનગર રેલ્વે ફાટક નજીક, ગાંધીનગર સોસાયટી આગળ, જોગણી માતાના મંદિર પાછળ, ખુલ્લી જગ્યામા વગર પાસ પરમીટે દેશી દારૂ ૧૧૮ લીટર કિમત રૂ. ૨,૩૬૦/- ના મત્તાના મુદ્દામાલ સાથે મળી આવી પકડાઈ ગયેલા. તહોમતદાર નં. - ૨ પાછળથી પકડાઈ જઈ ગુન્હો કરેલ હોવાની ફરીયાદ ફરીયાદીએ મેઘાણીનગર પોલીસ સ્ટેશનના ગુ. ર. નં. - ૫૬૭૮/૨૦૧૬ થી ધી પ્રોહીબીશન એકટ કલમ - ૬૬(બી), ૬૫(ઈ), ૮૧ મુજબ હાલનો ગુન્હો દાખલ કરવામાં આવેલો. આ ગુન્હો દાખલ કરવામાં આવ્યા બાદ તપાસ કરનાર અધિકારીશ્રી તરફથી પુરતી તપાસ કર્યા બાદ તા. ૦૬/૧૨/ ૨૦૧૭ ના રોજ હાલનું ચાર્જશીટ અદાલતમાં દાખલ કરવામાં આવેલું.

(૨) આ કામના તહોમતદારોને અદાલતમાં હાજર રહેવાના પ્રોસેસ કરવામાં આવતા તહોમતદારો અદાલતમાં હાજર રહેલા. તહોમતદારો અદાલતમાં હાજર થતાં મારા પુરોગામીશ્રીએ તહોમતદારોને ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ - ૨૦૭ મુજબ વિના મૂલ્યે પોલીસ તપાસના કાગળોની નકલ મળ્યાની ખાતરી કર્યા બાદ આંક - ૦૩ તથા આંક - ૦૪ થી તા. ૧ ૫/૩/૨૦૨૨ ના રોજ નિવેદનો નોંધતા તહોમતદારોએ ગુન્હો કબુલ નહીં હોવાનું જણાવતા આ કામ ફરીયાદપક્ષનો પુરાવો નોંધવા માટે રાખવામાં આવેલું.

(૩) આ કામે ફરીયાદપક્ષે પોતાના કેસની હકીકતો સાબિત કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખવામાં આવેલા છે.

### -: ફરીયાદપક્ષે મૌખિક પુરાવાઓ :-

૧. આંક - ૧૮ થી ફરીયાદી જસવંતસિંહ બળદેવસિંહનો સોગંદ પરનો પુરાવો.

૨. આંક - ૩૧ થી તપાસ કરનાર અધીકારીશ્રી કમલેશકુમાર પ્રહલાદભાઈ તરેટીયાનો સોગંદ પરનો પુરાવો.

**–: ફરીયાદપક્ષે દસ્તાવેજી પુરાવાઓ :–**

૧. આંક – ૧૯ થી વર્ધી.

૨. આંક – ૨૦ થી પોલીસ સ્ટેશનને લખેલ પત્ર.

૩. આંક – ૨૧ થી ફરીયાદ.

૪. આંક – ૨૨ થી પંચનામું.

ત્યારબાદ આ કામે વિ. એ. પી. પી. શ્રીની મૌખિક વિનંતીથી ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયાનું જાહેર કરવામાં આવેલ છે.

(૪) આ કામે ફરીયાદપક્ષે રજુ રાખવામાં આવેલા પુરાવાથી હકીકતોને ધ્યાને લેતાં તહોમતદારો વિરૂધ્ધ ગુનાહિત હકીકતો જણાઈ આવતી હોય આ કામના તહોમતદારોનું ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ – ૩૧૩ મુજબનું વિશેષ નિવેદન નોંધવામાં આવતા તહોમતદારોએ ફરીયાદપક્ષના પુરાવાનો ઈન્કાર કરેલ છે. તેમજ તેમની વિરૂધ્ધ ખોટો કેસ કરેલ હોવાનું જણાવેલ છે. તહોમતદારોના વિશેષ નિવેદનમાં ઈન્કારથી વિશેષ કોઈ હકીકતો જણાય આવતી નથી. ત્યારબાદ આ કામે બંને પક્ષે વિસ્તૃત રજુઆતો સાંભળવામાં આવી.

(૫) આ કામે ફરીયાદપક્ષે રજુ રાખવામાં આવેલા પુરાવાની હકીકતોને ધ્યાને લેતા ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દા :–**

(૧) શું ફરીયાપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ગઈ તા. ૦૪/૧૧/૨૦૧૬ ના કલાક – ૧૯.૪૫ વાગે મેઘાણીનગર, ઓમનગર રેલ્વે ફાટક નજીક, ગાંધીનગર સોસાયટી આગળ, જોગણી માતાના મંદિર પાછળ ખુલ્લી જગ્યામા વગર પાસ પરમીટે દેશી દારૂ ૧૧૮ લીટર કિમત રૂ. ૨,૩૬૦/– ના મત્તાના મુદ્દામાલ સાથે મળી આવેલા. આ કામના તહોમતદાર નં. – ૨ પાસેથી આ મુદામાલ લાવેલ હોવાનું જણાવેલ. આમ કરી તહોમતદારોએ ધી પ્રોહીબીશન એકટ કલમ – ૬૬(બી), ૬૫(ઈ), ૮૧ મુજબનો સજાને પાત્ર ગુન્હો કર્યો છે ?

(૨) શું હુકમ ?

**(૬)** ઉપરોકત મુદ્દાઓનો ન્યાય નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**<u>-:: કા ર ણો ::-</u>**

**<u>મુદ્દા નં. – ૦૧ ના કારણોની ચર્ચા :-</u>**

ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લઈએ તો ફરીયાદપક્ષે આંક – ૧૮ થી ફરીયાદી જસવંતસિંહ બળદેવસિંહ તથા આંક – ૩૧ થી તપાસ કરનાર અધિકારીશ્રી કમલેશકુમાર પ્રહલાદભાઈ તરેટીયાને સોગંદ પર તપાસવામાં આવેલા છે.

**(૭)** આ કામે તહોમતદારો વિરૂધ્ધ કરવામાં આવેલા આક્ષેપોની હકીકતોને ધ્યાને લેવામાં આવે તો તહોમતદારો ગેરકાયદેસર રીતે કોઈપણ જાતના પરવાના વગર દેશી દારૂ બાતમીવાળી જગ્યાએથી ગેરકાયદેસર રીતે કોઈ પણ જાતના પરવાના વગર દેશી દારૂ મળી આવેલા તેવી હકીકતો આધારીત આક્ષેપો કરવામાં આવેલા છે. આમ, આ કામે રેકર્ડ પર રજુ રાખવામાં આવેલી પુરાવાની હકીકતોને ધ્યાને લેવામાં આવે તો આ કામે બાતમીવાળી જગ્યાએથી દેશી દારૂનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલો અને જે તે વખતે તહોમતદાર મળી આવેલ. આ કામના જે સ્વતંત્ર સાહેદોની હાજરીમાં આ કામેનો કહેવાતો મુદ્દામાલ મળી આવેલ તે સ્વતંત્ર સાહેદો એટલે કે આ કામના પંચ સાહેદોને તપાસવામાં આવેલ નથી. ત્યારે આ કામે ફરીયાદપક્ષના પુરાવામાં મહત્વની ક્ષતિ અને ખામી હોય તેવું માનવાને કારણ જણાય આવે છે.

**(૮)** આ કામે આંક – ૧૮ થી ફરીયાદી સાહેદ જસવંતસિંહ બળદેવસિંહ કે જેઓ પોલીસ અધિકારી છે તેઓ પોતાના સોગંદ પરના પુરાવા દરમિયાન બનાવની હકીકતોને સમર્થન કરે છે, તેમજ આંક – ૨૧ થી ફરીયાદ તથા આંક – ૨૨ થી પંચનામું રજુ કરે છે. આ કામે આંક – ૩૧ થી તપાસ કરનાર અધીકારીશ્રી કમલેશકુમાર પ્રહલાદભાઈ તરેટીયા સોગંદ પર પુરાવો રજૂ રાખે છે. આ

ફરીયાદી તથા તપાસ કરનાર અધીકારીશ્રી પોલીસ અધિકારી તરીકેની પોતાની કરેલી કાર્યવાહીને સમર્થન કરતા હોય તેવી હકીકતો ફલિત થઈ રહેલ છે.

(૯) ફરીયાદપક્ષે રજુ રાખવામાં આવેલા ઉપરોકત તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાની હકીકતોને ધ્યાને લેવામાં આવે તો તપાસ દરમિયાન કહેવાતો કબ્જે કરવામાં આવેલો મુદ્દામાલ દારૂ અંગેની કોઈ તકરાર થઈ શકે તેવી સ્થિતિ ફલિત થઈ રહેલી નથી. આ કામે મહત્વની હકીકતો ધ્યાને લેવામાં આવે તો કહેવાતો મુદ્દામાલ આ કામના તહોમતદારોના હવાલામાંથી ગેરકાયદેસર રીતે કોઈપણ જાતના પાસ પરવાના વગર મળી આવેલ કે કેમ? તે હકીકતો ફરીયાદપક્ષે મુખ્યત્વે સાબિત કરવી જરૂરી બની રહે. જયારે સદર કામે ફરીયાદીની ફરીયાદ હકીકત જોતાં જ બનાવવાળી જગ્યાએથી મુદ્દામાલ દેશી દારૂ મળી આવેલ છે અને તે વખતે તે જગ્યાએ તહોમતદાર ત્યાં હાજર હતાં , ત્યારે કહેવાતા હાજર રહેલા સ્વતંત્ર સાહેદ એટલે કે પંચ આ કામે અદાલતમાં પુરાવો રજૂ રાખવા માટે હાજર થયેલ નથી. પંચો મળી આવતા નહી હોવાની હકીકતોએ પંચોનો પુરાવો નોંધી શકાયેલ નથી. તે હકીકતોએ આ કામે રજુ રાખવામાં આવેલ અન્ય પુરાવો કે જે પોલીસ અધિકારીશ્રીનો પુરાવો છે તે પુરાવાને સ્વાભાવિક રીતે જ સ્વતંત્ર સાહેદોના સમર્થન વગર માની શકાય તેવી હાલના તબકકે કોઈ સ્થિતિ રહેલી નથી. જો આ કામના તપાસ કરનાર અધિકારીશ્રી તરફથી અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લેવામાં આવ્યા હોત અને ચાર્જશીટ સાથે સામેલ રાખવામાં આવ્યા હોત તો કદાચ ફરીયાદપક્ષ પોતાની હકીકત સાબિત કરી શકયા હોત, પરંતુ એવી કોઈ તસ્દી આ કામે લેવામાં આવેલ હોય તેવું ફલિત થતું નથી. તે તમામ હકીકતો ધ્યાને લેવામાં આવે તો ફરીયાદપક્ષ આ કામના તહોમતદારના હવાલામાંથી કહેવાતો મુદ્દામાલ મળી આવેલો તેવી હકીકતો સાબિત કરવામાં સફળ થતો હોય તેવું માનવાને કારણ જણાતું નથી. સામાન્ય રીતે જયારે આ બનાવની ફરીયાદી પોલીસ અધિકારી છે ત્યારે આ બનાવના સાહેદોને સ્વતં ત્ર સાહેદોનું સમર્થન મળવું જરૂરી છે, જે સમર્થન આ કામે મળતું નથી, ત્યારે ફરીયાદપક્ષના પુરાવામાં મહત્વની ક્ષતિઓ અને ખામીઓ હોય તેવું માનવાને કારણ જણાય આવે છે.

(૧૦) આ કામે ઉપરોકત હકીકતો ઘ્યાને લેતાં ફરીયાદપક્ષના પુરાવામાં મહત્વની શંકાઓ ઉત્પન્ન થાય છે. જયારે ફરીયાદપક્ષના પુરાવામાં મહત્વની શંકાઓ ઉત્પન્ન થતી હોય ત્યારે આવી શંકાનો લાભ તહોમતદારોને આપવો જોઈએ તેમ નામદાર સર્વોચ્ચ અદાલત તથા નામદાર વડી અદાલતોના માર્ગદર્શક સિધ્ધાંતોથી વખતો વખત ઠરાવવામાં આવેલ છે. તે હકીકતોએ હાલના કામે ઉત્પન્ન થતી શંકાનો લાભ તહોમતદારોને આપવો જોઈએ તેમ મારૂં માનવું છે.

ઉપરોકત તમામ રેકર્ડ પરની હકકીકતો તથા કારણો તથા સંજોગો તથા કાયદાની સ્થિતિ તથા પરિસ્થિતિ ઘ્યાને લેતાં મુદ્દા નં.– ૦૧ નો જવાબ નકારમાં ઠરાવવામાં આવે છે, તેમજ મુદ્દા નં. – ૦૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

૧. આ કામે મેઘાણીનગર પોલીસ સ્ટેશનના ઘી પ્રોહીબીશન ગુ. રજી. નં. – ૫૬૭૮/૨૦૧૬ ના કામના તહોમતદાર નં. – ૧) નરેન્દ્ર ઉર્ફે ઢોલીયો રામઅવતાર તીવારી, ઉ. વ. – ૪૦, રહે. – ભીમરાવના છાપરા, પંચમુખી હનુમાનજીના મંદિરના છાપરા, ગાંધીનગર સોસાયટી પાસે, મેઘાણીનગર, અમદાવાદ, તથા તહોમતદાર નં. – ૨) સંદીપ ઉર્ફે સોનું સ/ઓ રામપ્રકાશ મહેશ(પંજાબી), ઉ. વ. – ૪૧, રહે. – મ. નં. – ૬૬, પર્ણકુંજ સોસાયટી વી. – ૧, મેઘાણીનગર, અમદાવાદવાળાઓને ક્રિમીનલ પ્રોસિજર કોડની કલમ – ૨૪૮(૬) મુજબ પ્રોહિબિશન એકટની કલમ – ૬૬(બી), ૬૫(ઈ), ૮૧ મુજબના શિક્ષાપાત્ર ગુનાઓમાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. સદર ગુનના કામે મુ. પા. નં. – ૪૮૯/૨૦૧૬ થી કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ દેશી દારૂનો અપીલ સમય વિત્યા બાદ નિયમોનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે. જયારે આ કામેનો મુદામાલ મોબાઈલ જો વચગાળાના તબકકે કોઈને સોંપવાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ કરવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ તે હુકમમાં ઠરાવેલ શરતો અપીલ સમય બાદ રદ ગણવાનો આદેશ કરવામાં આવે છે. જો આ મુદામાલ મોબાઈલ વચગાળાના તબકકે કોઈને સોં

પવાનો હુકમ કરવામાં આવેલ ન હોય તો તેના માલિકની ખરાઈ કરી તેઓને અપીલ સમય બાદ પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આ કામે તહોમતદારોના જામની તથા જાત મુચરકા રદ્દ કરવાનો હુકમ કરવામાં આવે છે. આ કામે તહોમતદારોએ ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ-૪૩૭(એ) મુજબ અપીલ સમય ગાળા દરમિયાનના રૂા. ૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન તથા જાત મુચરકા રજુ રાખવાનો આદેશ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા. - ૨૨ મી, માહે - એપ્રિલ, સને - ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

**તા. ૨૨/૦૪/૨૦૨૫.**
**સ્થળ:-અમદાવાદ.**

**(પરેશગીરી નટવરગર ગોસ્વામી)**
**૧૬ માં એડી. ચીફ જ્યુડીશિયલ મેજીસ્ટ્રેટ,**
**કોર્ટ નં - ૨૧, અમદાવાદ શહેર.**
**કોડ નં - જીજે - ૦૧૦૩૭**

(J P SADAT)